ગાંધીનગર સમાચાર

# બાયડમાં પાટીદારો ઉમટ્યા : આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા.૧૦

સમગ્ર ગુજરાત રાજયમાં હાલ પાટીદારો ધ્વારા અનામતનો લાભ લેવા માટે આંદોલન કરવામાં આવી રહયા છે. ત્યારે આ અનામતની આગ ધીમે-ધીમે અરવલ્લી જીલ્લામાં પણ પ્રસરી રહી છે. ત્યારે રોજ પાટીદારો ધ્વારા અનામત મેળવવા માટે હુંકાર રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના પાટીદારોએ બાજે બાયડ નગરમાં હુંકાર રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલીમાં ૧૦૦૦૦ હજાર જેટલા પાટીદાર ભાઈ-બહેનો અને બાળકો ઉમટી પડયા હતા. ચોઈલા ગામથી નીકળેલી આ રેલીમાં ૭૦ વધુ ગામોની મહીલાઓ, બાળકો, પુરૂષો અને યુવાનો ઉપસ્થીત રહયા હતા. પાટીદાર સમાજના યુવાનો વિદ્યાર્થીઓ અભ્યાસ અને નોકરી-ધંધા ક્ષેત્રે અનામત ન મળતા થઈ રહેલા અન્યાય સામે આંદોલન વેગ પકડયું રહયું છે ત્યારે આગામી દિવસોમાં અનામત માટે છેલ્લા શ્વાસ સુધી લડી લેવાના મુડમાં જણાઈ રહયા હતા. અનામતની માંગ સાથે ભુતકાળમાં થયેલા નવનિર્માણ આંદોલન અને કિસાન આંદોલન ચાલુ રાખવાની સંપુર્ણ તૈયારી રાખી રહયા છે. જય સરદાર અને જય જય પાટીદારના નારા સાથે મામલતદાર કચેરી ખાતે જઈ પાટીદાર અગ્રણીઓએ આવેદન પત્ર આપ્યુ હતુ.

પાટીદાર અનામત આંદોલનની રેલીમાં જોડાયેલી મહિલાઓ પણ ભારે આક્રોશમાં જણાતી હતી. મહિલાઓ પણ પોતાના પરિવારના બાળકોને સતત થઈ રહેલા અન્યાયને કારણે હવે છેવટ સુધી લડી લેવાના મુડમાં આવી ગઈ છે. આમ મહિલાઓએ પાટીદાર કોમના બાળકો અભ્યાસ ક્ષેત્રે ગમે તેટલું કાઠુ કાઢે અને ઉચી ટકાવારી લાવે તો પણ તેઓને એડમીશન માટે લાખો રૂપીયાનુ ડોનેશન ખર્ચવુ પડે છે તેવી રજુઆત કરી ઉમેર્યુ હતુ કે સરકાર દ્વારા પાટીદારો સાથે ન્યાય નહી કરવામાં નહી આવે તો આંદોલનમાં વિવિધ કાર્યક્રમો કરી સરકારની આંખો ઉઘાડવામાં આવશે.

ભૂતકાળમાં થયેલા નવનિર્માણ આંદોલન અને કિસાન આંદોલનની યાદ અપાવે તેવા સંજોગો હાલમાં પાટીદાર અનામત આંદોલનના જણાઈ રહયા છે. ત્યારે બાયડમાં યોજાયેલી આ રેલીમાં પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. રેલી પૂર્ણ થતા પોલીસ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

**(સમીર બલોચ, મોડાસા)**





## ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા

પાટીદાર સંઘર્ષ સમિતિ બાયડ તાલુકા ધ્વારા ટુંકા સમયમાં તેનુ આયોજન કરી ગામે ગામથી પાટીદારોને એકત્રીત કરી આજે બાયડ



તાલુકામાં ૧૦,૦૦૦થી પણ વધારે પાટીદારો ઉમટી પડયા હતા. ત્યારે એક સમય માટે રોડ ઉપર અત્ર તત્ર સર્વત્ર પબ્લિક જ પબ્લિકના લીધે ટ્રાફીક જામ સર્જાયો હતો. જોકે બાદમાં પોલીસે સમસ્યાને સંભાળીને ટ્રાફીક હળવો કરવામાં આવ્યો હતો.

## પોલીસનો ચાંપતો બંદોબસ્ત

અરવલ્લી જીલ્લાના બાયડ ખાતે આજે યોજેલી રેલીમાં જીલ્લા



પોલીસ વડા મયુરસિંહ ચાવડાના ધ્વારા ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ૩ ડી.વાય એસ.પી., ૪ પી.આઈ., ૮ પી.એસ.આઈ. તેમજ ૨૧૩ જેટલા પુરષ અને મહિલા પોલીસ તેમજ વોટરકેનન ક્રેન, વજ જેવા અત્યાધુનીક સાધન સામગ્રી સાથે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ઊંઝામાં પાટીદારોની વિશાળ રેલી

ઊંઝા, તા. ૧૦

રાજ્યમાં પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગણી અંગે ઠેર ઠેર સ્થળોએ રેલીઓ કાઢવામાં આવી રહી છે. ત્યારે આ આંદોલનને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે વેપારી મથક અને કડવા પાટીદારોના કુળદેવી મા ઉમિયાના ધામ એવા ઊંઝા શહેરમાં તાલુકા સરદાર પટેલ



(તસવીર : મહેશભાઈ બારોટ, ઊંઝા)

મથક અને કડવા પાટીદારોના કુળદેવી મા ઉમિયાના ધામ એવા ઊંઝા શહેરમાં તાલુકા સરદાર પટેલ સેવાદળના નેજા હેઠળ એક વિશાળ મહારેલી નીકળી હતી. આ રેલીને પગલે શહેર સંપૂર્ણ બંધ રહ્યું હતું.

શહેરના ગાંધીચોક વિસ્તારમાં બપોરના સમયે ઊંઝા શહેર સહિત

● અનુસંધાન પાના - ૭ પર

## ગલુડીયા ગામમાં કૂવામાં પડી જતા યુવકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના ગલુડીયા ગામના રહીશ પટેલ મુકેશભાઈ ડાહ્યાભાઈ ખેતીકામ માટે ચીમનભાઈ નેવસીભાઈ નાયકા ઉં.વ. ૩૦ ભાગીયા તરીકે રહેતા હતા. આ દરમિયાન સોમવારે સવારે ચીમનભાઈ કૂવામાં પાણીના પાઈપને જોવા જતા અચાનક પગ લપસી ગયો હતો. આથી કૂવામાં પડી ગયો હતો. પરિણામે પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યુ હતુ.

## ખેડબ્રહ્માની કન્યા શાળામાં મહિલા કારકિર્દી માર્ગદર્શન દિવસ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૦

સંત રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલયમાં મહિલા કારકિર્દી માર્ગદર્શનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો. ૮ થી ૧૨ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વક્તા તરીકે હીનાબેન ડી. મકવાણાએ રોજગારીની તકો, જુદા જુદા અભ્યાસક્રમો અને મહિલા સશક્તિકરણની ઊંડાણપૂર્વકની રસપ્રદ માહિતી આપી હતી. અંતમાં આભારવિધિ વિદ્યાર્થીની પટેલ શ્રદ્ધાએ કરી હતી. આચાર્યા જસ્મિનાબેન અને શાળા પરિવારે કાર્યક્રમના સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# તલોદ મામલતદારનો મંત્રીએ ઉધડો લીધો

તલોદ, તા. ૧૦

તલોદમાં રવિવારના રોજ સમાજકલ્યાણ મંત્રીની ઉપસ્થિતિમાં ગરીબ કલ્યાણ મેળો યોજાઈ ગયો હતો. આ મેળામાં અપાતી સહાયમાં વંચિત રહેલી મહિલાઓએ મંત્રીને મળી રજુઆત કરવા માંગતી હતી ત્યારે મામલતદાર દ્વારા વયોવૃદ્ધ મહિલાઓ સહિતને હડધુત કરી હાંકી મુકતા મહિલાઓએ હોબાળો મચાવી દીધો હતો અને મંત્રી દોડી આવ્યા હતા અને સ્થિતિ સમજીને મામલતદારનો જાહેરમાં ઉધડો લઈ વિવેકપૂર્ણ વર્તન કરવા જણાવ્યું હતું. છેલ્લા ઘણા સમયથી પોતાની

**ગરીબ મહિલાઓ લાભથી વંચિત રહેતા મંત્રીને મળવા માંગતી હતી ત્યારે મામલતદારે હડધૂત કરતાં હોબાળો મચ્યો**

કાર્યશૈલીથી વિવાદમાં રહેતા મામલતદાર વિરૂદ્ધ અનેક ફરીયાદો ઉચ્ચકક્ષાએ થઈ હોવાનું જાણવા મળ્યું છે. અને સત્વરે મામલતદારને બદલવા ચોતરફ માંગ ઉઠવા પામી છે.

મળેલ વિગતો મુજબ તલોદમાં ગરીબ કલ્યાણ મેળાની કાર્યવાહી પૂર્ણ થયા પછી સમાજકલ્યાણમંત્રી રમણભાઈ વ્હોરા અને અન્ય આમંત્રિતો આરામગૃહ ખાતે ગયા હતા. દરમ્યાન લાભથી વંચિત એવી ૧૫ જેટલી મહિલાઓ મંત્રીને રજુઆત કરવા આરામગૃહ પહોંચી હતી. ત્યાં તલોદ મામલજદારે આ મહિલાઓને અટકાવી હડધૂત કરી બિભત્સ વર્તન કરી જતાં રહેવા કહ્યુ હતુ. જેથી મહિલાઓએ ભારે હોબાળો મચાવી દેતાં અંદર બેસેલા મંત્રી રમણભાઈ વોરા તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિને સમજી હતી અને મહિલાઓની રજુઆત સાંભળી હતી. જે માટે હાજર મામલતદારને તમામની હાજરીમાં જ તતડાવી નાખી કાર્યશૈલી બદલવા જણાવ્યુ હતુ. તેમજ હાલ આટલી

● અનુસંધાન પાના - ૭ પર

# ખરીદ વેચાણ સંઘ અને માર્કેટ યાર્ડની ચૂંટણીમાં જશુભાઈ પટેલ બિનહરીફ

**ટેકેદારોએ તેમની વરણીને ખુશીથી વધાવી લીધી**

મોડાસા, તા.૧૦

છેલ્લા કેટલાય દિવસોથી માલપુર તાલુકા ખરીદ વેચાણ સંઘ



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

અને માર્કેટ યાર્ડની ચુટણીનો ધમધમાટ શરુ થયો હતો. ત્યારે આ ચુંટણીમાં મહત્વના હોદ્દા પર બિનહરીફ વરણી થાય તે માટે હોદ્દેદારો તથા ઉમેદવારોએ ભારે પ્રયાસ કરી રહ્યા હતા. તે પરીણામ સ્વરુપે ખરીદ વેચાણ સંઘ અને માર્કેટ યાર્ડના મુખ્ય હોદ્દા સમાન ચેરમેન તરીકે માલપુર તાલુકાના ભુતપુર્વ ધારાસભ્ય સ્વ. શીવુભાઈ ડાહ્યાભાઈ પટેલના પુત્ર એવા જશુભાઈ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જશુભાઈ સાબર ડેરીના ભુતપુર્વ વાઈસ ચેરમેન પણ રહી ચુકયા છે અને સહકારી માળખામાં તેઓનુ નામ અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં અગ્રસ્થાને ગણાય છે. તેઓની બંન્ને સંસ્થાઓમાં બિનહરીફ વરણી થતા ટેકેદારો તેમજ ખેડુત આલમમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

## અરવલ્લીમાં વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મોડાસા સહિત આસપાસના વિસ્તારોમાં બુધવારથી વાદળો આકાશમાં ઘેરાયા હતા અને જિલ્લામાં વરસાદી માહોલ સર્જાયો હતો. બીજા તબક્કાના વરસાદ પછી મેઘરાજાએ લીધેલા



વિરામ બાદ અસહ્ય ઉકળાટ અને ગરમી અનુભવતી પ્રજાને વાતાવરણમાં બુધવારથી પલટો આવતા આંશિક રાહત મળી હતુ. સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ જિલ્લામાં ફરીથી કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા અને જિલ્લામાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. **(તસવીર : જય અમીન, મોડાસા)**

## મોડાસાના માર્ગો પર રખડતી ગાયોને પકડવા કલેક્ટરના હૂકમ નગરપાલિકા તંત્ર હરકતમાં

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા કલેક્ટરે મોડાસા નગરપાલિકાને મુખ્ય માર્ગો પર રખડતી ગાયોને પકડવા હૂકમ કરતા નઘરોળ નગરપાલિકાતંત્રના અધિકારીઓ સત્તાદિશો એકાએક હરકતમાં આવી ગયા હતા અને રસ્તા પર રખડતી ગાયોને પાંજરે પુરવા દોડધામ કરી મુકી હતી.

મોડાસા શહેરના મુખ્ય માર્ગો મોડાસા-હિંમતનગર માર્ગ, માલપુર-મેઘરજ માર્ગ સહિતના માર્ગો પર ગાયોના ટોળાઓએ અડિંગો જમાવી વાહનચાલકો અને પ્રજાજનોને અડફેટે લેતા રીતસરનો આતંક મચાવી દીધો છે. અનેક વાહનચાલકો આ ગાયના ટોળાએ અફડેટે લેતા ગંભીર ઈજાઓ થવા પામી હતી જે પૈકી એક કિશોર મોતને પણ ભેટ્યો હતો.

તેમ છતાં નગરપાલિકા તંત્ર દ્વારા આ સમગ્ર મામલે આંખ આડા કાન કરવામાં આવતા હતા. ત્યારે



ગતરોજ મોડાસાનો રહિશ સમીરભાઈ સોની પુનઃ ગાયોના ટોળાનો ભોગ બન્યો હતો અને આ મામલે તેણે જિલ્લા કલેકટરને લેખિતમાં રખડતી ગાયોને દૂર કરવા રજુઆત કરી હતી. પરિણામે જિલ્લા કલેક્ટરે આની ગંભીર નોંધ લઈ નગરપાલિકાતંત્રને હૂકમ કરતા નગરપાલિકાતંત્ર એકાએક હરકતમાં આવી ગયુંહતું અને માર્ગ પર દિવસ-રાત અડિંગો જમાવી બેઠેલી ગાયોને પાંજરે પુરવા દોડાદોડ કરી મુકતા રહિશોએ હાંશકારો લીધો હતો.

**(તસવીર : જય અમીન, મોડાસા)**

## ભિલોડાના વાંસેરામાં વીજ ડી.પી. સળગી ઉઠી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસેરા કંપા ગામમાં સીમવિસ્તારમાં વીજળીની ડીપી રાત્રીના સુમારે એકા-એક ભડ-ભડ સળગી ઉઠતાં દુર-દુર સુધી આગના ગોટે-ગોટા દેખાયા.ખેડુતો મોટી સંખ્યામાં



(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)

ઘટનાસ્થળે દોડી આવ્યા હતા પરંતું આગ કાબુમાં લેવાય તે પહેલાં જ કેબલ વાયર વીજળીની ડીપીને નુકશાન થયેલ હતું.ખેડુત પ્રવિણભાઈ પટેલના કૃષિ વીજ જોડાણનું વીજળીનું મીટર,સ્ટાર્ટર બોર્ડ પણ એકા-એક સળગી ઉઠતા ખેડુતોને પણ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે ખેડુતોને વારંવાર વ્યાપક નુકશાન સહન કરવાનો વારો આવતો હોય છે.ભિલોડા તાલુકાના જાગૃત ખેડુતો અને પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી રહ્યો છે.

# વડાલીમાં ઠેર ઠેર ચાલતા દારૂના અડ્ડા બંધ કરવા આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૧૦

વડાલી તાલુકામાં ઠેર ઠેર છેલ્લા સમયથી બેરોકટોક દેશી અને વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે આ વિસ્તારનું યુવાધન તેના રવાડે ચઢતા બરબાદીની ગર્તામાં ધકેલાઈ રહ્યુ છે. જેથી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે ઠાકોર સમાજ દ્વારા સોમવારે રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેદનપત્રમાં વડાલી પાલિકાના ઉપપ્રમુખ દીપકભાઈ ભાગડીયા, તુલસીભાઈ ખાંટ સહિત અન્ય લોકોના જણાવ્યા અનુસાર વડાલી શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક બુટલેગરો દેશી અને વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરે છે. જે અંગે અનેક રજુઆતો કરવા છતાં પોલીસતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ નથી. દરમિયાન થોડા દિવસ અગાઉ એક યુવતી કુદરતી હાજત માટે બહાર ગઈ હતી ત્યારે નશો કરીને અતુલભાઈ રાજુભાઈ થોરી નામના શખ્સો છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. જે અંગે પોલીસ ફરીયાદ થઈ હોવા છતાં કોઈ કાર્યવાહી કરાઈ ન હોવાનો આક્ષેપ કરાયો છે.

બીજી તરફ સોમવારે ક્ષત્રિય સમાજ દ્વારા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે રામદેવપીર મંદિરથી મામલતદાર કચેરી સુધી રેલી કાઢીને નાયબ મામલતદાર મકવાણા તથા લોઢાવાલાને આવેદનપત્ર આપવામાં આવ્યુંહતુંઅને સત્વરે આવા અડ્ડાઓ બંધ કરાવવાની માંગ કરી છે.

# ધોનેરામાં પૂર બાદ રહિશોની હાલત અત્યંત કફોડી

ધાનેરા, તા. ૧૦

બનાસકાંઠાના ધાનેરામાં પૂર બાદ સમગ્ર પંથકમાં કફોડી હાલત થઈ ગઈ છે. કુદરત આગળ ધાનેરાવાસીઓ લાચાર બની ગાય છે. ધાનેરામાં અનેક ઠેકાણે માનવીઓ અને પશુઓની જાનહાની થવા પામી છે. તો ખાવા-પીવા અને રહેવાની પણ ગંભીર સમસ્યા સર્જાઈ છે. પરિણામે નિર્દોશ શહેરીજનો અને ગ્રામજનોના વ્હારે પાનાભાઈ પ્રજાપતિ, નારણભાઈ ઠક્કર, ડૉ. અગ્રવાલ વગેરે આગેવાનો આવ્યા છે. અને ખાવા-પીવાની સગવડ પુરી પાડી રહ્યા છે અને સાથે પૂરગ્રસ્તોને હૂંફ અને હિંમત પણ આપી રહ્યા છે.



**(તસવીર : ભરત પરમાર, ધાનેરા)**

## ભિલોડામાં વિશ્વ આદિવાસી દિને મહારેલી

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સમાજમાં જનજાગૃતી સંદર્ભે મહારેલીનો કાર્યક્રમ યોજાયો હતો.આ મહારેલી પ્રસંગે અશ્વિનભાઈ કોટવાલ-વિજયનગર-ખેડબ્રહ્મા ધારાસભ્ય,ડાં.કિશોરભાઈ ડામોર,ડાં.દિવ્યાંગ નિનામા,દિલીપકુમાર નિનામા,તસવીર નિનામા સહિત આદિવાસી સમાજના અગ્રણીઓએ



(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)

ભિલોડા-માંકરોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ કંપાઉન્ડમાંથી ભિલોડા-માંકરોડા થી વિજયનગર સુધી બાઈક રેલીના કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.વિશ્વ આદિવાસી દિવસના દિન નિમિત્તે રેલીમાં આદિવાસી સમાજના નવયુવાનો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સમાજમાં જનજાગૃતી સંદર્ભે મહારેલી કાઢવામાં આવી હતી.મહારેલી દરમ્યાન આદિવાસી સમાજની સંસ્કૃતિ જાળવી રાખવા ઢોલ,કુંડી,થાળી,શરણાઈનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.આદિવાસી સમાજના સામાજીક રીતી-રીવાજો,પરંપરાગત સંસ્કૃતિ જાળવી રાખવા,જંગલ અને જમીનની રક્ષા કરવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવા માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.